## જન્મદિને વધામણી



ભરતકુમાર અનિરુદ્ધ પાઠક
મો. ૯૮૯૮૦૪૩૪૫૨



બિપિનચંદ્ર વૈષ્ણવ
ફોન : ૨૩૨૨૧૩૮૦/૩૨૦૧૩૮૦



ડો. જાનવી એન જોષી



નમ્ર ચેતનભાઈ પટેલ
મો. ૯૭૨૬૧૧૨૨૮૯



યશ મહેશકુમાર દરજી
મો. ૯૮૨૪૦૦૯૧૨૬

# એન.એસ. એસ.ની આરોગ્ય જાગ્રુતિ શિબિર યોજાઈ







ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત કે. બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ ખાતે કાર્યરત રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા એડોપ્ટેડ વિલેજ બોરિજ ખાતે તા. ૨૬/૧૨/૨૦૧૫ થી તા. ૨/૧/૨૦૧૬ દરમ્યાન ગ્રામ આરોગ્ય જાગ્રતિ શિબિર યોજાઈ હતી જેમા ફાર્મસી કોલેજના ૫૫ જેટલા સ્વયંસેવક વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ખુબજ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

સાત દિવસીય શિબિર દરમ્યાન આરોગ્ય ને લગતી વિવિધ પ્રવ્રુત્તીઓ જેવી કે યોગાસન અને તેનું મહત્વ, એઈડ્સ અવેરનેસ, થેલેસેમિયા, ડેન્ગ્યુ, સ્વાઈનફ્લુ, મલેરિયા વગેરે જેવા રોગો અંગે ગ્રામજનોને સ્કિટ, ડ્રામા, શેરીનાટક, રેલી, પ્રભાતફેરી જેવા કાર્યક્રમો યોજીને માહિતગાર કર્યા હતા. શિબિર દરમ્યાન ફાર્મસીના એન. એસ. એસ. ના સ્વયંસેવકોએ આરોગ્ય અંગેનો સર્વે પણ કર્યો જેમાં સર્વે દરમ્યાન વિદ્યાર્થી સ્વયંસેવકોએ એ ઘરેઘરે જઈને રોગોના કારણો, લક્ષણો ની સમજ આપી પેશન્ટ કાઉંસેલિંગ કર્યું હતું.

શિબિર દરમ્યાન વ્યસન મુક્તિ અંગેના કાર્યક્રમો યોજાયા જેમાં સ્વયંસેવકોએ ડ્રામા, સ્કિટ અને શેરીનાટક દ્વારા તેમજ પ્રાયોગિક રીતે બીડી, સિગારેટ ના ધુમાડાથી ફેફસામાં જમા થતો ટાર તથા તમાકુ, ગુટકા જેવા વ્યસન થી થતી બિમારીઓ અને કેન્સર વિષે ગ્રામજનોને માહિતગાર કર્યા. જેનાથી પ્રભાવિત થઈને બાર જેટલા યુવાનોએ તરતજ વ્યસન છોડવાનો નિયમ લીધો હતો.

શિબિર દરમ્યાન સ્વચ્છતા અભિયાન અંતર્ગત એન. એસ. એસ. ના સ્વયંસેવકો અને ગામના લોકોએ મળીને ગ્રામ સફાઈ અંગેનો કાર્યક્રમ યોજયો હતો. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ગાંધીનગર (નોર્થ) ના ધારાસભ્ય માનનીય શ્રી અશોકભાઈ પટેલ હાજર રહ્યા હતા તેમને જણાવ્યું હતું કે યુવાનોમાં સ્વછ્ત્તા અને ખાસ કરીને વિદ્યાર્થીઓ દ્વારા થતી આવી પ્રવ્રુતીઓ ખરેખર સરાહનિય છે.

અભિયાનમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર શ્રી એસ. એમ. ચોધરીએ ઉપસ્થિત રહી ગ્રામજનો તથા સ્વયંસેવકોનો ઉત્સાહ વધારી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

શિબિર દરમ્યાન સ્વયંસેવકોએ ગામની ત્રણેય શાળામાં વિવિધ રમતગમત તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ નું આયોજન કર્યું હતુ જેમા વિદ્યાર્થીઓ માટે વક્ત્રુત્વ સ્પર્ધા, લેખન સ્પર્ધા, ડ્રોઈંગ કોમ્પિટિશન યોજવામાં આવી હતી તથા તેમને કેરિયર કાઉન્સેલિંગ, શિક્ષણમા અંગ્રેજી ભાષા તેમજ કોમ્પ્યુટર ઈન્ટરનેટ, સોફ્ટ સ્કિલ, હાર્ડસ્કિલ તેમજ કોમ્યુનિકેશન સ્કિલ નુ મહત્વ સમજાવ્યું હતુ. તથા વિદ્યાર્થીઓને ભારત દેશમાં યુવા વર્ગના રોલ વિષે માહિતી આપી હતી. શાળાના વિદ્યાર્થીબહેનોને માસ્ટર ટ્રૈઈનેર દ્વારા સ્વરક્ષણ/સ્વબચાવ તાલીમ શિબિર અંતર્ગત વિવિધ ટેક્નીક શિખવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર અંગેની તાલીમ પણ આપવામાં આવી હતી.

શાળામાં લગભગ ૭૦૦ જેટલા બાળકોનો બોડી માસ ઈન્ડેક્ષ (▯▯▯) લેવામાં આવ્યો હતો.

શિબિર દરમ્યાન સ્વયંસેવકોએ ગ્રામજનોને શ્રમ યોગીકાર્ડ, માકાર્ડ, વાત્સલ્યકાર્ડ, આધાર કાર્ડ જેવી સરકારી યોજનાઓ, સ્કિમો અંગે અને તેનાથી મળતા લાભ અંગે માહિતી આપી હતી. સાત દિવસીય શિબિર દરમ્યાન એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ ગ્રામજનો સાથે રહીને જાણ્યું કે સમાજમાં ફાર્માસિસ્ટ નું ઘણું જ મહત્વ રહેલું છે તથા પેશન્ટ કાઉન્સેલિંગ અને પેશન્ટ કોમ્પ્લાયંસ તેમજ પૌષ્ટિક આહાર ની જરૂરિયાત અંગે ફાર્માસિસ્ટનું કાર્ય યોગ્ય રીતે કેવી રીતે કરી શકાય તેની સમજ પણ કેળવી હતી.

છેલ્લે એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ વિવિધ સાંસ્કુતિક કાર્યક્રમો પણ કર્યા હતા અને અંતે સમગ્ર ગ્રામજનો નો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ત્રિ-દિવસીય નવોદિત વાર્તાલેખન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે ઈન્ટરનેશલ પબ્લીક સ્કૂલ રાંધેજા, ગાંધીનગર ખાતે સાહિત્યકાર મધુરાયના માર્ગદર્શન હેઠળ ત્રિદિવસીય નવોદિત વાર્તાલેખન શિબિર યોજાઈ

સાહિત્ય જગતની વાર્તાના વિવિધ સ્વરુપોને વિવિધ વાર્તાકારોની વાર્તાઓના વલોણા વચ્ચે સાહિત્યકાર મધુરાયે નવોદિતોની કલમે વાર્તાઓને પ્રસરાવી હતી. આ વાર્તાલેખન શિબિરમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર મોહન પરમાર, જય ગજ્જર, રાજેન્દ્ર પટેલ, ડૉ. કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ અને ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા રજુ કરાયેલી વાર્તાના તત્વો, સ્વરુપો, રસ અને પ્રસ્તુતિની વિવિધકળાઓ શિબિરાર્થીઓને રસપૂર્વક ઉગતી વાર્તાઓને આથમવા દેવી જોઈએ નહિ. એમ સાહિત્યકાર ઈલા આરબ મહેતા અને વર્ષાબેન અડાલજાએ જણાવ્યું હતું.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને પ્રસિદ્ધ કવિ ભાગ્યેશ જહાએ સંસ્કૃત સંભાષણ સાથે નવોદિત વાર્તાકાર રુપે સૌને રસતરબોળ કરતા પોતાની વાર્તા 'પુનર્વસવાટ' રજૂ કરી હતી. વાર્તાના ચેતન તત્વને ભાવકોની સંવેદના સાથે સહજતાથી એકાકાર કરવાની કળા લેખકમાં હોવી જોઈએ એમ પણ તેમણે કહ્યું હતું. શિબિરના સમગ્ર આયોજન સાથે ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રકાશન અધિકારી સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટએ પણ સાહિત્યને સરવાણી આપી હતી.

## ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ યુવાનો માટે વાઈબ્રન્ટ યૂથ કોન્ક્લેવ ૨૦૧૬નું આયોજન

અમદાવાદ, તા.૭

બિઝનેસ શરૂ કરવાથી માંડીને કારકિદી પસંદ કરવા સુધીની મૂંઝવણોનો યુવાનો નિષ્ણાંતો પાસેથી જવાબ મેળવી શકે તે માટે ગુજરાત સરકારના સહયોગથી કર્મા ફાઉન્ડેશને ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ ૧૮થી ૪૦ વર્ષના યુવાનો માટે વાઈબ્રન્ટ યૂથ કોન્ક્લેવ ૨૦૧૬નું આયોજન કર્યું છે. જીએમડીસી ગ્રાઉન્ડ પર યોજાનારા આ કોન્ક્લેવમાં હાલ સુધી ૧૮૦૦ રજિસ્ટ્રેશન આવી ચૂક્યા છે. જેમાંથી ૧૨૦૦ રજિસ્ટ્રેશન અમદાવાદ ઉપરાંત સુરત, રાજકોટ, બરોડા સહિતના શહેરના વિદ્યાથીઓના તથા ૬૦૦ રજિસ્ટ્રેશન ઉદ્યોગ સાહસિક બનવા ઈચ્છતા યુવાનોના છે. આ કોન્ક્લેવમાં ૨૫૦૦થી વધુ યુવાનો ભાગ લે તેવી શક્યતા છે. કર્મા ફાઉન્ડેશનના સ્થાપક ચિરંજીવ પટેલે જણાવ્યું હતું કે, ૧૮થી ૪૦ વર્ષના યુવાનોને પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ શરૂ કરવામાં પ્રારંભિક તબક્કે અવરોધો ન નડે અને તેમને અનુભવીઓનું માર્ગદર્શન મળી રહે તે આશયથી આ કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ક્લેવમાં મીનાક્ષી લેખી, **IIMA**ના વિઝિટિંગ ફેકલ્ટી સમીર શુક્લ, ફિલ્મ દિગ્દર્શક અભિષેક જૈન, ગૌરાંગ મિસ્ત્રી, રમા મુંદ્રા ઉપસ્થિત રહેવાના છે. આ કોન્ક્લેવમાં માત્ર યુવાનોની મુશ્કેલીઓ અંગે ચર્ચા જ નહિ થાય પરંતુ તેનું સમાધાન શોધવાની દિશામાં પણ પ્રયત્ન હાથ ધરવામાં આવશે. કર્મા ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી પ્રિયાંશી પટેલે જણાવ્યું હતું કે, યુવાનોની સમસ્યાઓનું હલ શોધવા અમે ડિબેટ રૂમની ગોઠવણ કરી છે. અમે તેમની સમસ્યાઓ શોધીને તેનું સંકલન કરીશું અને તે અંગેનો ઈમ્પેક્ટ રિપોર્ટ પણ અમુક મહિના પછી જાહેર કરીશું. આ કોન્ક્લેવથી યુવાનોને વાસ્તવિક લક્ષ્યાંકો હાંસલ કરવામાં મદદ મળે તેવી શક્યતા છે. આ કોન્ક્લેવના ભાગરૂપે એવોર્ડ સેરેમનીનું પણ આયોજન છે. જેમાં રમતગમતમાં ક્રિકેટ, બેડમિન્ટન, યોગા, ટેનિસ, ચેસ, સ્કેટિંગ તથા ફૂટબોલ કેટેગરીમાં એવોર્ડ એનાયત થશે. આ ઉપરાંત રેડિયો જોકી, થિયેટર, ઈન્નોવેશન, આર્ટ તથા પેઈન્ટિંગ, ઈન્ટિરિયર ડિઝાઈન, સંગીત, ડાન્સ અને એકિંટગ, આંત્રપ્રોન્યોરશીપ, ડિસ્ક જોકી, મ્યુઝિક કંપોઝર, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીની પ્રવૃત્તિ વગેરે કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવશે. આ એવોર્ડમાં રૂપિયા કે સર્ટિફિકેટ આપાવના બદલે જે-તે ક્ષેત્રના નિષ્ણાંતો પાસેથી છ મહિના સુધી તાલીમ મેળવવાની તક મળશે તેવું ચિરંજીવ પટેલે જણાવ્યું હતું. આ એવોર્ડ માટેના નોમિનેશન ૯મી સુધી સ્વીકારશે. કોન્ક્લેવમાં ભાગ લેવા વેબસાઈટ પર ફ્રી રજિસ્ટ્રેશન કરાશે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
વજીર
૧૨.૪૫, ૩.૩૦
૬.૩૦, ૧૦.૧૫
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૮.૩૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (ડબ્ડ હિન્દી)
૫.૦૦
સ્ટાર વોર્સ : ધ ફોર્સ અવેકન્સ (ડબ્ડ અંગ્રેજી)
૭.૧૫
૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૩.૧૫, ૫.૧૫
દિલવાલે
૧૨.૧૫, ૭.૧૫
છેલ્લો દિવસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
વજીર
૧૦.૦૦ (સવારે)
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫
દિલવાલે
૯.૪૫

## પ્રજ્ઞાચક્ષુઓ માટે પ્રજ્ઞાચક્ષુ કથાકાર ભાગવત કથા કરશે

અમદાવાદ, તા.૭

અમદાવાદના ૨૮ વર્ષીય પ્રજ્ઞાચક્ષુ યુવા કથાકાર, કૃણાલભાઈ શાસ્ત્રી પ્રજ્ઞાચક્ષુઓ માટે ભાગવત કથા કરશે. લગભગ ૧૬ વર્ષથી કથા કરી રહેલા આ યુવાન કથાકારે અત્યાર સુધીમાં વિવિધ હેતુઓના લાભાર્થે કથા પણ કરી છે. જે અંતર્ગત કુંભમેળાના ભંડારાના લાભાર્થે, મંદિરના વિકાસ માટેનો સમાવેશ થાય છે. આ અંગે વિગતો આપતાં ૨૮ વર્ષીય યુવા કથાકાર, કૃણાલભાઈ શાસ્ત્રીજીએ જણાવ્યું કે તા. ૧૧થી ૧૭ જાન્યુઆરી દરમિયાન ભાવનગરની કે.કે.બ્લાઈન્ડ સ્કૂલ ખાતે શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન આ પ્રજ્ઞાચક્ષુઓના લાભાર્થેથઈ રહી છે. ગત ડિસેમ્બર-૨૦૧૫માંપણ અમદાવાદ ખાતેજ ઉજ્જૈન-હરિદ્વાર કુંભમેળાના ભંડારાના લાભાર્થે કથા યોજાઈ હતી. આ ઉપરાંત વિવિધ કુંભમેળાના ભંડારાના લાભાર્થે કથા થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે હું એમ માનું છું કે મારી જવાબદારી છે કે પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો માટે હું કથા કરું. પ્રજ્ઞાચક્ષુઓ માટે હું એક અન્ય વિશેષણ વાપરું છું 'દિવ્યાંગ' એટલે કે જેઓની પાસે દિવ્ય દૃષ્ટિ છે. હું સ્વયં તેમને કહેવા માગુ છું કે તમે યોગ્ય પુરુષાર્થ સાથે ઈચ્છિત કાર્ય કરી શકો છો. તેઓને આત્મવિશ્વાસની જાગૃતિ કરાવવી છે કે 'બંધ નથી દૃષ્ટિના દરવાજા' એટલે ભગવાન શ્રીકૃષ્ણએ સ્વયં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે નિરાશ થશો નહીં, સતત પુરુષાર્થ કરો. શ્રીલંકામાં અશોક વાટિકા ખાતે રામચરિતમાનસ ઉપર પ્રવચન આ પ્રજ્ઞાચક્ષુ કૃણાલભાઈ શાસ્ત્રીજીએ પ્રથમ કથા ૧૨ વર્ષે અમદાવાદનાં રામજી મંદિર, રાણીપ ખાતે શરૂ કરી હતી. અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ કથા સંપન્ન થઈ ચૂકી છે. પુરાણ અને ધર્મશાસ્ત્ર - એમ બે વિષય ઉપર એમ.એ. કરીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ચૂક્યા છે. શ્રીલંકાના અશોકવાટિકા-સીતા એલિયા - ખાતે આગામી માર્ચમાં 'રામચરિતમાનસ ઉપર તેમની પ્રવચન માળા'નું આયોજન કરાયું છે.

# આતંકવાદ, સુરક્ષા અને નાગરિક ધર્મ




ફરી દેશની અંદર ભય અને આતંકનું વાતાવરણ ! દરેક માધ્યમોપ બધાનેપ સાવચેત કરવામાં લાગી ગયા છે. ક્યાંક તો આપણે પાછા પડી રહ્યા છીએ. બાળકોને પણ પ્રશ્ન થાય કે વિદેશથી ભારતમાં ઘુસેલા આતંકવાદીઓ પોતાના ધ્યેય સુધી પહોંચતાપ તેમને કોઈએ જોયા નહી ?... છેલ્લી ઘડીએ છેક મોટા હુમલાની નજીક પહોંચી ગયા ત્યારે આપણે તેમને જવાનોની બલિ પછી પછાડી શક્યા. ક્યાંક હજી ગડબડ છેપ સુરક્ષા એજન્સીઓ તો છેલ્લા ઘણા દિવસથી સાવચેતીના સૂરમાં માહિતી વિવિધ માધ્યમોમાં પહોંચાડી રહી હતી. સરકાર એની રીતે કામ કરી રહી છે તેમ માની લઈએ. દિલ્હીના અધિકારીએ એક મહત્વની વાત કરી કે નાગરિકો દ્વારા પણ સાવચેતી રાખવાથી મોટામાં મોટા ગુનેગાર સુધી પહોંચી શકાય છે.

પઠાણકોટમાં ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યા બાદ તરત જ પાટનગર દિલ્હીમાં ત્રણેય સેનાના વડાઓ, સંરક્ષણ મંત્રી મનોહર પારિકર અને એનએસએસ અજીત દોવાલ વચ્?ચે મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં વિવિધ પાસાઓ અને ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી

પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ રાહીલ શરીફએ આશ્વાસન આપ્યું છે કે, ૨૦૧૬માં દેશમાંથી આતંકવાદીઓનો સફાયો થઈ જશે અને પાકિસ્તાનને આતંકવાદ માંથી છુટકારો મળી જશે. પ્રાપ્ત માહિતી મુજબ, રાહિલે કહ્યું કે, નવા વર્ષમાં પાકિસ્તાનમાંથી આતંકવાદનો ખાત્મો થઈ જશે. સેના પ્રમુખે જો કે આ વાત પર દબાણ આપ્યું કે, સમગ્ર દેશને આ સંબંધમાં સશસ્ત્ર દળોને સમર્થન આપવાની જરૂરિયાત છે. તેમણે કહ્યું કે, આતંકવાદ, ભ્રષ્ટાચાર અને અપરાધની વચ્ચે સહયોગ છે.

આતંકવાદ અને નાણાકીય ભ્રષ્ટાચારમાં સામેલ તત્વોએ એક-બીજાને મદદ કરવા માટે ઘનિષ્ઠ સંબંધ વિકસિત કર્યા છે. સેના પ્રમુખે કહ્યું કે, આ સંબંધ બધી નકારાત્મક તાકાતોને હરાવશે. તેમણે કહ્યું કે, નવું વર્ષ રાષ્ટ્રીય એકજૂથતાનું વર્ષ હશે, આ વર્ષ રાષ્ટ્રમાં શાંતિ અને ન્યાયના જન્મનું સાક્ષી હશે.

બીજી બાજુ ચીન જે આપણો મિત્ર દેશ બનીને પીઠમાં ખંજર હુલાવવામાં નિષ્ણાત છે જે આવા હુમલાના સમયે મૌન રહેવાનું પસંદ કરે છે. નવા વર્ષમાં ચીન પોતાની તાકાતમાં વધારો કરવા જઈ રહ્યો છે. તે સેના, નૌસેના અને વાયુસેનામાં હાજર પરમાણુ શસ્ત્ર લઈ જવા માટે સક્ષમ મિસાઈલોની ક્ષમતા વધારશે, તેની સાથે નવા દળ દ્વારા ઈલેક્ટ્રોનિક અને સાયબર જગતમાં જાસૂસી તેજ કરશે. તેનાથી તેને મિસાઈલ હુમલા માટે વધુ સારી માહિતી પણ મળી શકે છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગે સેનાને બે નવા એકમો સ્થાપવાની ઔપચારિકતાઓ પૂર્ણ કરી. ચીન દુનિયાની સૌથી મોટા લશ્કરી ક્ષમતાવાળા દેશોમાં સામેલ છે. તેની સેનામાં ૨૩ લાખ સૈનિક છે. તેને પીપલ્સ લિબરેશન આમીના નામથી ઓળખવામાં આવે છે.

મિસાઈલોને વધુ તાકાત આપનાર એકમનું નામ પીપલ્સ રોકેટ ફોર્સ, જ્યારે ગુપ્ત માહિતી સંકલન કરનાર દળનું નામ સ્ટ્રેટેજીક સપોર્ટ ફોર્સ રાખવામાં આવ્યું છે. આ ફોર્સની જવાબદારી સૂચના યુદ્ધ જીતવા માટે રણનીતિ બનાવવાની પણ હશે. ટૂંકું અંતર, મધ્યમ અંતર, લાંબુ અંતર અમે પરમાણુ શસ્ત્ર લઈ જવામાં સક્ષમ મિસાઈલોની ક્ષમતા અને સંખ્યાને ધ્યાનમાં રાખી ચીન દુનિયાના શક્તિશાળી દેશોમાં સામેલ છે

ભારતની અધિકૃત વેબસાઈટ ઈંડીયા.જીઓવી.ઈન (india.gov.in) પર નજર કરીશું તો દેશની સુરક્ષાનું કામ કરતી એન.આઈ.એ. અંગેની વેબસાઈટ ધ્યાનમાં આવે છે. NIA ની સ્થાપના ડિસેન્બર ૨૦૦૮ માં પાર્લામેન્ટ એક્ટ દ્વારા કરવામાં આવી છે. આ વેબ સાઈટ પર આતંક ફેલાવનાર જૂથોની યાદી આપી છે. જેમાં ૩૬ જેટલાં અલગ -અલગ દેશદ્રોહી અને વિદેશી જૂથોની માહિતી આપી છે. બબ્બર ખાલસા ઈન્ટર નેશનલથી શરૂ કરી લશ્કરે તોઈબા, યુનાઈટેડ લીબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડીયા, અલ બદર જેવા અનેક જૂથો વિશેની ચર્ચા કરી છે. રાષ્ટ્રીય સુરક્ષા એજન્સી (NIA) પોતાની વેબસાઈટ પર વોન્ટેડ ગુનેગારોના ફોટા અને ઈનામી રકમની માહિતી પ્રાપ્ય છે. એન.આઈ.એ ની સ્થાપના દેશની સુરક્ષા માટે કરવામાં આવી છે. તે એક સંસ્થા તરીકે ખૂબ જ વૈજ્ઞાનિક અને આધુનિકતાથી સભર છે. તેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના સુરક્ષા સાધનો અને આંતકવાદીઓને પકડવા માટેના અનેક તાલીમયુક્ત કમાન્ડોને તૈયાર કરવામાં આવે છે. સુરક્ષાના ધારા ધોરણોમાં એનઆઈએ સર્વશ્રેષ્ઠ ગણાય કારણકે તે સમયને સન્માન આપે છે. દરેક કામગીરી ખૂબ ચીવટપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવે છે. પરિણામલક્ષી કામગીરી એ એન.આઈ.એ ની વિશેષતા છે. આ એજન્સીમાં કામ કરનારને આધુનિકતા અને વિશેષ તાલીમ દ્વારા વધુ કારગત બનાવવામા આવે છે. આ એજન્સીને વિશેષ અધિકારોથી સુસજ્જ બનાવવામાં આવી છે, કાયદાથી અને કેન્દ્ર સરકાર સાથેના સીધા સંપર્કથી ફટાફટ નિર્ણય લેવામાં કોઈ મુશ્કેલી આવતી નથી. કેન્દ્ર અને રાજ્યો દ્વારા આવતી વિવિધ માહિતીઓથી આ એજન્સી વધુ સારી કામગીરીને ન્યાય આપે છે. એન.આઈ.એ દ્વારા જે કેસ ચાલી રહ્યા હોય તેની વિગતો પણ આ વેબ સાઈટ પર મળી રહે છે. આધુનિક ઉપકરણોની મદદથી આ એજન્સી સતત અગ્રેસર રહી આંતકવાદીઓને મહાત કરી શકે છે. નવી દિલ્હીમાં તેની મુખ્ય કચેરી છે. એન.આઈ.એ. હૈદરાબાદ, ગુવહાતી, કોચી (કેરાલા), લખનૌ, મુંબઈ અને કલકત્તામાં બ્રાંચ સ્વરૂપે કાર્યરત છે. એજન્સી દેશના નાગરિકોને આહવાન આપે છે કે દેશ વિરોધી કોઈ પણ ગતિવિધિની જાણ તેને કરી શકાય છે. (૦૨૨ - ૨૩૫ ૪૩૭૩૭) હમણા જ થોડા સમયથી દેશની આર્થિક તાકાતને પડકારનાર નકલી નોટો અને આતંકવાદીઓને મળતા ફંડ વિશે પણ એન.આઈ.એ કામ કરી રહી છે. ઉપરાંત ગુનેગારોનું માનસ, કાયદાઓનો અભ્યાસ, વિવિધ આતંકવાદી જૂથોની વિગતો વગેરે આ એજન્સીની કામગીરીનો હિસ્સો છે. પરંતુ કોઈ પણ એજન્સીની સફળતા પાછળ દેશના નાગરિકોનો સહયોગ ખૂબ અગત્યનો છે.


સૈનિકનો સૈનિક ધર્મ તો દેખી શકાય એવો બોલકો હોય છે, પણ નાગરિકનો નાગરિક ધર્મ ક્યારેક તો વ્યકત થવો જોઈએ. જેમ કે, એટીએમ મશીન સાથે કોઈ વ્યક્તિ શંકાશીલ વર્તન કરતો હોય તો તેની જાણ કોણ કરશે ? બેંકમાં કોઈ વ્યક્તિ શંકા પ્રેરે તેમ વર્તન કરતો હોય તો તેની જાણ આપણે જ કોઈને કરવી જોઈએ. જાહેર સ્થળ પર, મેળામાં, બજારમાં અને ભીડમાં પોલીસ પહોંચી શકતી નથી તેવા સંજોગોમાં નાગરિક ધર્મની આપણને યાદ આવવી જોઈએ. શાળા હોય કે મંદિર બધે જ આપણે દ્રષ્ટિને સાવચેત રાખીએ તો ક્યાંક તો ગુનેગારોને પકડવામાં સુરક્ષા એજન્સીઓને સફળતા મળે.

જય હિંદ...

## ભારતની સૌથી વિશાળ સ્પેલિંગ સ્પર્ધા 'ક્લાસમેટ સ્પૅલ બી'ની આઠમી સિઝન આવી રહી છે

ગાંધીનગર, તા. ૭

આઈટીસી અને રેડિયો મિર્ચી દ્વારા ભારતની અવ્વલ પાઠ્યપુસ્તક બ્રાન્ડ્સ પૈકીની એક ક્લાસમેટ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે ભારતની સૌથી વિશાળ સ્પૅલિંગ સ્પર્ધા 'ક્લાસમેટ સ્પૅલ બી'ની આઠમી સિઝનનો આરંભ થઈ રહ્યો છે.




ક્લાસમેટ માને છે કે દરેક બાળક અજોડ હોય છે, તેની માન્યતા દ્વારા પ્રેરિત હોય છે. સ્પર્ધા માટે થીમ 'એવરી ચાઈલ્ડ ઈઝ યુનિક અને સો ઈઝ એવરી વર્ડ' છે. આ અજોડતાની ઉજવણી કરવા બ્રાન્ટ ફિલસૂફી ફરતો કે કેન્દ્રિત છે. સ્પર્ધા દેશના ઉત્તમ સ્પૅલર્સને તેમની શક્તિ ઓળખવા અને તેમની અજોડ સ્પૅલિંગ કુશળતા માટે સન્માન હાંસલ કરવા માટે યોગ્ય મંચ આપે છે. આ સ્પૅલિંગ જલસો ગત સિઝન કરતાં વધુ ભવ્ય અને ઉત્તમ અનુભવ આપવા માટે વચનબદ્ધ છે. તે ૩૦ શહેરની ૮૦૦થી વધુ સ્કૂલ્સમાં પ્રવાસ કરશે અને પાંચથી ૯ ધોરણના ૨,૭૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચશે. ભારતના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ઑનલાઈન ભાગ લઈ શકે છે, જે માટે તેમણે વેબસાઈટ www.classmatespellbee.in જોવાની રહેશે. સ્પર્ધામાં ટોચના ૧૬ સ્પર્ધકોને રાષ્ટ્રીય ટૅલીવિઝન પર ધ ડિસ્કવરી ચૅનલ, ધ ડિસ્કવરી કિડ્સ અને ડિસ્કવરી તમિળ પર તેમની કુશળતા પ્રદર્શિત કરવાનો મોકો મળશે.

ઈવેન્ટ અંગેની માહિતી આપતાં આઈટીસીના ઍજ્યુકેશન ઍન્ડ સ્ટેશનરી પ્રૉડક્ટ બિઝનેસના ચીફ ઍક્ઝીક્યુટીવ શૈલેન્દ્ર ત્યાગીએ જણાવ્યુંહતુંકે ક્લાસમેટ હંમેશ દરેક બાળકની અજોડતા ઓળખે, પોષે અને ઉજવે છે. સ્પર્ધાના આરંભિક તબક્કામાં ઑનગ્રાઉન્ડ કવાયત રહેશે, જેમાં બાળકોને સ્કૂલમાં સ્પૅલિંગ ટેસ્ટ આપવામાં આવશે. અહીં ટૉપ કરનાર વિદ્યાર્થી સિટી રાઉન્ડમાં સ્પર્ધા કરશે અને ત્યાંથી સૅમીફાઈનલ્સમાં પ્રવેશ કરી શકશે.

વિજેતાઓ માટે આકર્ષક ઈનામો : ક્લાસમેટ સ્પૅલ બી સિઝન-૮ના નૅશનલ ચૅમ્પિયનને સંપૂર્ણ ખર્ચ આવરી લેવા સાથેની ટ્રીપમાં વૉશિંગ્ટન ડીસી, યુઍસએમાં વાલી સાથે પ્રતિષ્ઠિત સ્ક્રિપ્સ નૅશનલ સ્પૅલિંગ બી જોવાની તક મળવા ઉપરાંત રૂા. બે લાખનું ભવ્ય ઈનામ મળશે. ૪ સૅમીફાઈનલિસ્ટ્સને ૫૦ હજારનું રોકડ ઈનામ મળશે.